# શ્રી સોમનાથ ટ્રસ્ટ - પ્રભાસ પાટણ

| | | |
|---|---|---|
| ૧. | કામની વિગત | : શ્રી સોમનાથ ટ્રસ્ટના લીલાવતી અતિથિગૃહ માટે<br>: જરૂરી મેનપાવર પુરો પાડવા અંગે (આઉટ શોર્સીંગ). |
| ૨. | સમય મર્યાદા | : ૧૧ માસ (અગીયાર માસ) |
| ૩. | ટેન્ડર ફી | : રૂા.૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા) (નોન રીફંડેબલ) |
| ૪. | સિકયોરીટી ડીપોઝીટ | : રૂા.૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પુરા) |
| ૫. | ટેન્ડર પરત લેવાની તારીખ | : તા.૦૨-૦૫-૨૦૧૭ સાંજના ૧૭.૦૦ કલાક સુધી |
| ૬. | ટેન્ડર લઈ જનારનું નામ | :શ્રી........................................ |
| ૭. | ટેન્ડર લઈ જનારનું સરનામું | :.............................................<br>:.............................................<br>:.............................................<br>:............................................. |
| ૮. | ઈ-મેઈલ એડ્રેસ | :............................................. |

૯. એજન્સીએ ટેન્ડર સાથે જોડવાના જરૂરી રજીસ્ટ્રેશન, સર્ટીફીકેટ, લાયસન્સ વિગેરેની વિગતો ::-

(૧) એપ્રુવ્ડ ગવર્નમેન્ટ પીડબલ્યુડી રજીસ્ટ્રેશન

(૨) પી.એફ.સર્ટીફીકેટ

(૩) ઈ.એસ.આઈ. સર્ટીફીકેટ

(૪) લેબર લાયસન્સ

(૫) અંદાજીત રકમની ૨૦% ની બેન્ક સોલવન્સી

(૬) વેટ રજીસ્ટ્રેશન

(૭) સર્વિસટેક્ષ રજીસ્ટ્રેશન

(૮) પાન કાર્ડ નંબર

(૯) સી.એ.નું ટર્ન ઓવર સર્ટીફીકેટ

(૧૦) પ્રોફેશનલ ટેક્ષ રજીસ્ટ્રેશન

(૧૧) આઈએસઓ સર્ટીફીકેટ ધરાવનારને અગ્રતા અપાશે.

જનરલ મેનેજર<br>
શ્રી સોમનાથ ટ્રસ્ટ

(૧) શ્રી સોમનાથ ટ્રસ્ટ વતી ટ્રસ્ટના લીલાવતી અતિથિગૃહમાં મેન પાવર સપ્લાય/હાઉસકીપીંગ જાળવણી/આઉટ સોર્સીંગ તેમજ દેખરેખ રાખવાના કામ માટે ટેન્ડર મંગાવવામાં આવે છે.

(૨) કોન્ટ્રાકટની શરતો મુજબ આ કામની મુદ્દત ૧૧ માસ રહેશે.

(૩) જો કોન્ટ્રાકટર હૈયાત લેબર લાયસન્સ, પ્રતિષ્ઠિત/ હોસ્પીટલ/ ખાનગી સંસ્થાઓનો છેલ્લા પાંચ વર્ષનો કુશળ અને બિનકુશળ હોટેલ મેનેજમેન્ટ તાલીમ પામેલા કર્મચારીઓ ધરાવતા હશે, સેવાકર નોંધણી (સર્વિસ ટેક્ષ) ધરાવતા હશે તેમજ આ કામની અંદાજીત કિંમતના ૨૦% રકમનું બેંક બેલેન્સ / સોલવન્સી પ્રમાણપત્ર આપવાનું રહેશે. તેવા કોન્ટ્રાકટરો જ આ ટેન્ડરની પાત્રતા ધરાવશે. કોન્ટ્રાકટર અથવા કોન્ટ્રાકટરોની પેઢી એક થી વધુ ટેન્ડર રજુ કરી શકાશે નહી. કોઈ વ્યક્તિ માલીક અને/અથવા ભાગીદાર તરીકે તેમાં હીત ધરાવતી હોય તેવી કોઈ પેઢીએ પણ આ કામ માટે જુદા જુદા ટેન્ડર ભરી શકશે નહી. એમ કરશે તો આવા બધા ટેન્ડર રદ થવા યોગ્ય ઠરશે.

(૪) ટેન્ડર સાથે ફી તેમજ બાનાની રકમનો ડીડી શ્રી સોમનાથ ટ્રસ્ટ પ્રભાસ પાટણની તરફેણમાં જોડવાનો રહેશે.

(૫) ટેન્ડર ભરનાર વ્યક્તિઓને ટેન્ડર મોકલવા માટે નિયત કરેલી તારીખથી ઠીક ઠીક અગાઉ સ્થળની મુલાકાત લેવાની ખાસ સલાહ છે. ટેન્ડર ભરનાર તમામ દસ્તાવેજો, નમુના સ્થળ વગેરેનું નિરિક્ષણ કરે કે નહી તો પણ તે અંગેની પુર્ણ જાણકારી છે એવું માનવામાં આવશે. જેથી ભવિષ્યમાં જે બાબતેની કોઈ તકરાર ઉઠાવી શકશે નહી કે જે ટકી પણ શકશે નહી.

(૬) ટેન્ડર ભરનારે ટેન્ડરમાં ભરેલ પ્રોફિટના ટકા આંકડા તેમજ શબ્દોમાં જણાવવા દરેક બાબત માટેના પ્રોફિટના ટકા આંકડા તેમજ શબ્દોમાં બંનેમાં લખવા અને પ્રોફિટના ટકા આંકડામાં એવી રીતે લખવા કે પાછળથી તેમાં કોઈ ફેરફાર કરી શકાય નહી એ બાબતની ખાસ કાળજી રાખવી.

(૭) ટેન્ડર નમુનાના પત્રકમાં પોતાનો નફો સ્પષ્ટ લખવાનો રહેશે.

(૮) ટેન્ડર ભરનારે આ નોટીસમાં અને ટેન્ડરના દસ્તાવેજોમાં જણાવેલી દરેક શરતોનું પાલન થતુ હોય તે રીતે રજુ કરવું જો તેમ નહી કરનારનું ટેન્ડર રદ થશે.

(૯) શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા સૌથી નીચામાં નીચુ કે કોઈ ટેન્ડર સ્વીકારવા કે અંશતઃ સ્વીકારવા કે ન સ્વીકારવા માટેના ટ્રસ્ટના પોતાના નિર્ણય માટે કોઈપણ જાતના કારણો આપવા માટે શ્રી સોમનાથ ટ્રસ્ટ બંધાયેલ નથી કે રહેશે નહી.

(૧૦) અગાઉનો કામના અનુભવ હોય તો તે અંગેના પ્રમાણ પત્રની નકલો ટેન્ડરો સાથે રજુ કરવાની રહેશે.

(૧૧) તમામ સુધારા, છેકછાક કે ઘુંટેલા લખાણ પર કોન્ટ્રાકટરે ટુંકી સહી અચુક પણે કરવી.

(૧૨) કોઈ એક પેઢી તરફથી ટેન્ડર રજુ થયુ હોય ત્યારે તેના ભાગીદારે અલગ રીતે સહી કરવી

અથવા ભાગીદાર ગેરહાજર હોય ત્યારે તેના વતી તેના પર સહી કરવા અધિકૃત કરતું મુખત્યારનામું ધરાવતી કોઈપણ વ્યકિતએ તેના પર સહી કરવાની રહેશે તથા સદર મુખત્યારનામાની નકલ પણ સાથે રજુ કરવાની રહેશે. ટેન્ડર સાથે ભાગીદારોએ તમામ માહિતી આધાર સાથે રજુ કરવાની રહેશે.

(૧૩) કોઈ પેઢીએ કામ કરી આપ્યુ હોય ત્યારે તે કામ કરાયેલ ચુકવણીની પહોંચો પર પણ બધા જ ભાગીદારોએ સહી કરવાની રહેશે. પરંતુ જે ટેન્ડરમાં કોન્ટ્રાકટરોને એક પેઢી તરીકે દર્શાવ્યા હોય ત્યારે એ પેઢી વતી પાકી પહોંચ આપવાને અધિકૃત એવી બીજા કોઈપણ વ્યક્તિએ પહોંચો પર ખરી સહી કરવાની રહશે.

(૧૪) ટેન્ડર ખોલતી વખતે ફકત ટેન્ડર ભરનાર ઈજારદારો અથવા તેમના અધિકૃત પ્રતિનિધિઓને આધાર સાથે જ હાજર રહેવા દેવામાં આવશે. તે સિવાયના અન્ય કોઈ ઈજારદારોને હાજર રહેવા દેવામાં આવશે નહી.

(૧૫) આ સાથે સામેલ પત્રમાં સામેલ સરકારશ્રીના ધારા ધોરણ મુજબ પ્રવર્તમાન દર લાગુ દર્શાવેલ છે તે મુજબ ચુકવવામાં આવશે. લાગુ પડતા જુદા જુદા તમામ લેબર એકટ, અધિનિયમ તેમજ નિતી નિયમ મુજબના ભાવથી એજન્સી દ્વારા નોકરીમાં રાખેલ કર્મચારીની ઓળખ પત્રોની નકલ ટ્રસ્ટમાં જમા કરવાની રહેશે. તેમજ તમામના બેન્ક એ.કા.નંબરો, પી.એફ. નંબરો આપવાના રહેશે. શ્રી સોમનાથ ટ્રસ્ટને જરૂર લાગે તો એજન્સીએ આપેલ પગાર પત્રક મુજબના પગાર ભથ્થાની રકમ જે તે કર્મચારીના ખાતામાં સીધી જમા કરાવી શકાશે.

(૧૬) એજન્સી કરેલ કામના વર્કઓર્ડર/એગ્રીમેન્ટમાં સેલ્ફ એટેસ્ટેડ કરવાની રહેશે. અગર આમ કરવામાં નહીં આવે તો ટેન્ડર કેન્સલ કરવામાં આવશે.

(૧૭) એજન્સીના તમામ લાયસન્સ તથા સર્ટીફીકેટોમાં એટેસ્ટેટ કોપી જ તમામ રજુ કરવાની રહશે. અગર આમ કરવામાં નહી આવે તો ટેન્ડર કેન્સલ કરવામાં આવશે.

(૧૮) જો સદર ટેન્ડરની સમયમર્યાદા દરમ્યાન એજન્સી દ્વારા પુરા પાડવામાં આવેલ કોઈ પણ સ્વરૂપના મેનપાવર/સ્ટાફ કોઈ કર્મચારી કે કોઈ ત્રાહિત વ્યક્તિને કોઈ અધટિત બનાવ, અકસ્માત કે અન્ય કોઈ રીતે પ્રત્યક્ષ કે પરોક્ષ કે અન્ય કોઈ સ્વરૂપે હાની, ઈજા કે અન્ય સ્વરૂપની કોઈ નુકશાની થશે તો તે માટે માત્ર એજન્સી જ જવાબદાર રહેશે. તેમજ તેમણે સદર બાબત અંગે સુસંગત કાયદાનુસાર તેમજ જરૂરીયાત મુજબની વીમા પોલીસી વગેરે પણ મેળવવાની રહેશે તથા તે તમામની નકલ શ્રી સોમનાથ ટ્રસ્ટને પુરી પાડવાની રહેશે.

(૧૯) સદર એજન્સી દ્વારા કોઈ પણ સ્વરૂપના મેન પાવર/સ્ટાફ વગેરે જરૂરીયાત મુજબ પુરા પાડવામાં આવશે. તે તમામ બાબતમાં " Doctrine of Vicarious Liability " યાને કે " પ્રતિનિધિત્વથી જવાબદારીનો સિદ્ધાંત "લાગુ પડશે.

(૨૦) સદર ટેન્ડર જો મંજુર થાય ત્યારે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલ સુચનાનુસાર તેમજ જરૂરીયાત મુજબનો મેન પાવર પુરો પાડવાનો રહેશે. તેમજ જયારે જયારે પ્રસંગોપાત જરૂરીયાત મુજબ વધારાના મેન પાવર પુરા પાડવા અંગેની સુચના આપવામાં આવે ત્યારે તે પણ એજન્સી દ્વારા તેટલી સુચનાનુસારની સંખ્યા મંજુર થયા મુજબ જ પુરી પાડવાની રહેશે.

(૨૧) સદર ટેન્ડર ટ્રસ્ટના જુદા જુદા અતિથિ ગૃહમાં રિઝર્વેશનથી, એલોટમેન્ટથી તેમજ અન્ય જે કાંઈ આવક થશે તે અંગેના ટ્રસ્ટની સુચનાનુસારના યોગ્ય રજીસ્ટર બનાવવાના રહેશે તથા મેઈન્ટેઈન કરવાના રહેશે. તથા ટ્રસ્ટના એકાઉન્ટ વિભાગમાં સુચનાનુસાર તેવા પ્રકારની રકમ જમા કરાવવાની રહેશે. આ ઉપરાંત સદર રકમ અંગેની સલામતી માટે બનતી તમામ તકેદારી તેમજ આવશ્યકતા મુજબ વીમાની પોલીસી વગેરે પણ મેળવવાની રહેશે. સદર બાબત અંગેની માત્રને માત્ર એજન્સીની જ જવાબદારી રહેશે.

(૨૨) સદર ટેન્ડર સાથે રીફન્ડેબલ ડીપોઝીટ પેટે રૂા.૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પુરા) નો ડીમાન્ડ ડ્રાફ્ટ શ્રી સોમનાથ ટ્રસ્ટ પ્રભાસ પાટણની તરફેણનો રજુ કરવાનો રહેશે. જેનું ટેન્ડર મંજુર થશે તેની સદર રકમ સિકયોરીટી ડિપોઝીટ તરીકે ટ્રસ્ટ દ્વારા જમા રાખવામાં આવશે.

(૨૩) જે ટેન્ડરરનું ટેન્ડર મંજુર થશે તેમને ટ્રસ્ટ દ્વારા આ બાબતનો વર્ક ઓર્ડર મળ્યા બાદ તુરંત જ લાયસન્સ એગ્રીમેન્ટ કરવાનો રહેશે. તથા કામગીરી સત્વરે શરૂ કરવાની રહેશે. તથા તેમાં જણાવવામાં આવેલી શરતો પણ તેમને લાગુ પડશે.

(૨૪) સદર મંજુર થયેલ ટેન્ડરની સમય મર્યાદા દરમ્યાન જો એજન્સીની કામગીરી સંતોષકારક નહી જણાય તો તે માટે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ગમે ત્યારે એજન્સી-કોન્ટ્રાકટ રદ કરી શકાશે. આ ઉપરાંત સદર સમય મર્યાદા પુર્ણ થયા બાદ જો લાયસન્સી-એજન્સી દ્વારા સંપુર્ણ સંતોષકારક રીતે કરાર પુર્ણ થયેલ હશે તો તેવા સંજોગોમાં ટ્રસ્ટ દ્વારા નવા કરાર અંગે વિચારી શકાશે. જે અંગેની સંપુર્ણ સતા, એકાધિકાર તેમજ વિશેષાધિકાર માત્ર ને માત્ર શ્રી સોમનાથ ટ્રસ્ટને રહેશે તથા આ બાબતે જો શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા કોઈ નવી શરત કે જોગવાઈ જણાશે તો તે પણ ટેન્ડરરને બંધનકારક રહેશે.

(૨૫) સદર ટેન્ડર મંજુર થયે પુરા પાડવામાં આવનાર જુદા જુદા સ્વરૂપના મેનપાવર વગેરે માટેની રહેવા જમવા તેમજ જીવન જરૂરીયાત અંગેની પ્રાથમિક સુવિધા વગેરે ટેન્ડરરે જાતે તેમજ તેમના સ્વખર્ચે કરવાની જ રહેશે.

(૨૬) શ્રી સોમનાથ ટ્રસ્ટ એ ધાર્મિક ટ્રસ્ટ છે. જેની પ્રતિષ્ઠા તેમજ ભાવિક ભકતજનો, દર્શનાર્થીઓ તેમજ મુલાકાતીઓ વિગેરેની શ્રધ્ધા ભાવના તેમજ ધાર્મિક લાગણીને ધ્યાનમાં લઈ અને તેમાં ઠેસ કે ધકકો ન પહોંચે તે રીતે એજન્સી દ્વારા કે તેમના દ્વારા પુરો પાડવામાં આવેલ મેન પાવર-સ્ટાફ દ્વારા પ્રમાણિકપણે સદર બાબતને ધ્યાનમાં રાખી અને સેવા પુરી પાડવાની રહેશે.

(૨૭) ટ્રસ્ટ ટેન્ડરની કુશળતા, અનુભવ, નફાનું ધોરણ વગેરે ધ્યાને લઈ ટેન્ડરર સાથે નેગોશીએશન તથા જરૂર પડે કોઈપણ કારણ દર્શાવ્યા વગર ટેન્ડર માન્ય કે અમાન્ય કરવાનો તેનો અધિકાર ટ્રસ્ટનો અબાધીત રહેશે.

(૨૮) મેનપાવરનું હાલમાં જે સેટઅપ નકકી કરવામાં આવેલ છે. જેમાં ટ્રસ્ટ તેમની જરૂરીયાતને લક્ષમાં લઈ વધારો ઘટાડો કરવાનો અબાધિત અધિકાર શ્રી સોમનાથ ટ્રસ્ટનો રહેશે.

(૨૯) સદર બાબતે અમારી દરખાસ્ત મંજુર થશે તો જે બાબતે કામગીરી શરૂ કરતા પહેલા અમે ટ્રસ્ટ દ્વારા પુરૂ પાડવામાં આવનાર સોગંદનામું કમ અન્ડરટેકીંગ દ્વારા દરેક બાબતોની અમલવારી કરવા અંગે અમારી ઓથોરીટી સમજી યોગ્ય રીતે કરાવી અને રજૂ કરીશું આ ઉપરાંત કામગીરીની સમયમર્યાદા કોઈપણ સ્વરૂપે પુરી થશે ત્યારે પણ સદર તમામ બાબતોની અમલવારી અમારા પક્ષે કરવામાં આવેલ છે. જે બાબતોનું પણ અમો સોગંદનામું કમ અન્ડરટેકીંગ અચુક પણે રજૂ કરવાની જવાબદારી ખાતરી તેમજ ભરોસા સાથે સ્વીકારીએ છીએ.

(૩૦) ટ્રસ્ટ દ્વારા તેની પોલીસી નિર્ણય અંગે સદર લાયસન્સની કોઈપણ શરતમાં ગમે ત્યારે કોઈપણ સ્વરૂપના ફેરફાર કરી શકાશે જેનું પણ અમારા પક્ષે ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે. તો તે બાબત અમોને સંપૂર્ણ પણે બંધનકર્તા છે તેમજ રહેશે.

ઉપરોકત તમામ શરતો તેમજ આ ટેન્ડરની સમગ્ર હકિકત અમોએ વાંચી-સમજી અને વિચારેલ છે. જે અમોને કબુલ મંજુર છે. જે અંગે અમોએ નીચે સહી કરી આપેલ છે. જેથી અમારૂ આ ટેન્ડર સદર બાબતે ધ્યાને લેવા વિનંતી છે.

સ્થળ...................

.........................

તારીખ.................

ટેન્ડરરની સહી

પરિશિષ્ટ-અ

(૧) કંપની/પેઢીનું નામ તથા સરનામુંઃ..........................................
:..........................................
:..........................................

(૨) માલિક/ભાગીદારનું નામઃ :..........................................

(૩) ટેલીફોન નંબર :(ઓ)..........................(ઘર)..........................
મોબાઈલ નં. :..............................(ફેકસ)..........................

(૪) ઈ-મેઈલ આઈ.ડી. :..........................................

(૫) ગર્વનમેન્ટ રજીસ્ટ્રેશન નંબરઃ ..........................................

(૬) પી.એફ.નંબર : ..........................................

(૭) ઈ.એસ.આઈ.નંબર :..........................................

(૮) સર્વિસ ટેકસ રજી.નં.: ..........................................

(૯) વેટ રજીસ્ટ્રેસન નં. :..........................................

(૧૦) પ્રોફેશન ટેકસ રજી.નં. :..........................................

(૧૧) ISO સર્ટીફીકેટ નં.: ..........................................

(૧૨) પાન નં.: ..........................................

(૧૩) લેબર લાયસનસ નં.: ..........................................

(૧૪) ટર્ન ઓવરની વિગતઃ ..........................................

સ્થળઃ .................
તારીખઃ .................

...........................
કોન્ટ્રાકટરની સહી તથા સિક્કો

# શ્રી સોમનાથ લીલાવતી અતિથિગૃહ

## શ્રી સોમનાથ ટ્રસ્ટ અતિથિગૃહમાં નીચેની વિગતે મેનપાવર પુરોપાડવા માટેના ભાવ

### માસિક ચુકવણું (વ્યકિત દીઠ)

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | પ્રતિમુળ દર | કુલ પગાર | પી.એફ.(૧૨%) | કુલ રકમ |
|---|---|---|---|---|---|---|
| ૧ | સુપરવાઈઝર | ૦૧ | ૮૧૧૨ | ૮૧૧૨ | ૯૭૩ | ૯૦૮૫ |
| ૨ | આસી. સુપરવાઈઝર | ૦૩ | ૮૧૧૨ | ૨૪૩૩૬ | ૨૯૨૦ | ૨૭૨૫૬ |
| ૩ | જનરલ આસીસ્ટન્ટ | ૦૧ | ૮૧૧૨ | ૮૧૧૨ | ૯૭૩ | ૯૦૮૫ |
| ૪ | કલાર્ક | ૦૪ | ૮૧૧૨ | ૩૨૪૪૮ | ૩૮૯૪ | ૩૬૩૪૨ |
| ૫ | રૂમ બોય | ૦૮ | ૭૬૭૦ | ૬૧૩૬૦ | ૭૩૬૩ | ૬૮૭૨૩ |
| ૬ | પ્યુન | ૦૫ | ૭૬૭૦ | ૩૮૩૫૦ | ૪૬૦૨ | ૪૨૯૫૨ |
| ૭ | સિકયોરીટી | ૦૪ | ૭૬૭૦ | ૩૦૬૮૦ | ૩૬૮૨ | ૩૪૩૬૨ |
| ૮ | હાઉસ કીપીંગ | ૦૯ | ૭૬૭૦ | ૬૯૦૩૦ | ૮૨૮૪ | ૭૭૩૧૪ |
| | કુલ | **૩૫** | | | | **૩૦૫૧૧૯/–** |

આથી અમો બાહેંધરી આપીએ છીએ કે જો સદર બાબતે અમારૂ સદર ટેન્ડર-દરખાસ્ત આખરી સ્વરૂપે સ્વીકારવામાં આવશે તો શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા અમને ચુકવવામાં આવતા પગાર પેટેની કુલ રકમમાંથી ધારા ધોરણ મુજબ પ્રોવિડન્ટ ફંડની રકમ જેતે કર્મચારીઓના પી.એફ.એકાઉન્ટમાં અમારા વતી શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ચુકવવા પાત્ર રકમ અંગેનો ચેક આપવામાં આવશે જેની રકમ જે તે ખાતામાં સંયુકત રીતે એટલે કે જે તે વ્યકિતને મળવા પાત્ર રકમ તેમજ સદર રકમ જમા કરાવી અને તેની ચલણની રકમ તેમજ અન્ય આવશ્યક આધાર પુરાવાઓ રજુ કરીશું પી.એફ. તેમજ સર્વિસટેક્ષના ચલણ પણ બીલની સાથે રજુ કરીશું તે બાબત અમને કોઈ વાધો નથી કે હરકત નથી આ કામમા અમારા કર્મચારીઓના પી.એફ એકાઉન્ટ ખાતા ખોલાવવાની જવાબદારી અમારી છે. જો આમ કરવામાં અમો નિષ્ફળ જઈએ તો ટ્રસ્ટ બીજુ કોઈ કારણ દર્શાવ્યા વગર અમારો કરાર સમાપ્ત કરી શકશે. તે બાબતે અમને કોઈ વાંધો કે તકરાર કરી શકીશું નહીં. આ ઉપરાંત સદર બાબતેની તમામ પ્રકારની જવાબદારી અમારા પક્ષની રહેશે.

આ કરાર હેઠળ ઉપરની કેટેગરીના કર્મચારીઓ માટે ઉપર દર્શાવેલ રકમ મુળ પગાર + પ્રો.ફંડ, ઔધોગિક મોંધવારી પેટે ચુકવવાની છે અને તેના પર ૧૨ % રકમ અને સબંધિત કર્મચારીના ખાતામાં રીઝયોનલ પ્રો.ફંડની કચેરીમાં શ્રી સોમનાથ ટ્રસ્ટ ચુકવે તે માટે અમો બંધાઈએ છીએ.

ઉપરોકત કરાર હેઠળની સેવા આપવા અમે અમારા કર્મચારીઓના કાયમી નિરીક્ષણની જવાબદારી પેટે કર્મચારીઓને ચુકવવામાં આવતા પગાર + પી.એફ.ની રકમ ઉપર ..............% (..................ટકા) ચાર્જ તરીકે વસુલ કરીશું. આ અંગે કોઈ સર્વિસ

ટેકસ ભરવાનો થતો હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારા ધોરણ મુજબ ટ્રસ્ટ ચુકવણીની પહોંચ રજુ કર્યે અમે ચુકવી આપીશું.

આથી અમો એ બાબતે પણ સ્પષ્ટ બાહેંધરી આપીએ છીએ કે, પગારમાંથી સબંધિત કર્મચારીઓ પાસેથી ૧૨% રકમ પ્રો.ફંડ માટે કાપી જમા કરવાની છે. તે માટે અમે તમામ કર્મચારીઓની ટ્રસ્ટના નમુનામાં બાહેંધરી પત્રક આપવાનું પણ સ્વીકારીએ છીએ. અમારા કર્મચારીઓ માટે શ્રી સોમનાથ ટ્રસ્ટ નિયત કરી જે યુનિર્ફોમ આપે તેનો વાસ્તવિક ખર્ચ શ્રી સોમનાથ ટ્રસ્ટની આગોતરી મંજુરી મેળવી અમને ચુકવવામાં આવશે.

સદર એજન્સી હેઠળ કામ કરતા દરેક કર્મચારીઓને અઠવાડીક ઓફ ફરજીયાત આપવાના રહેશે. આવા ઓફનું પગાર કપાત કરી શકાશે નહીં. દરેકના પગાર લેબર કાયદા મુજબ ૨૬ દિવસ મુજબ ગણતરી કરવાની રહેશે અને તે મુજબ કપાત પણ કરવાની રહેશે.

સરકારશ્રીના મીનીમમ વેજીસના વખતો વખતના ધારા-ધોરણ મુજબ પગારનું ચુકવણું કરવાનું કરવાનું રહેશે.

શ્રી સોમનાથ ટ્રસ્ટ મંદિર ઝેડ પ્લસ સુરક્ષામાં હોય જેથી તમારી એજન્સી હેઠળ કામ કરતા દરેક કર્મચારીઓનું સંપૂર્ણ રેકોર્ડ રાખવાનું રહેશે. જેવું કે, નામ, સરનામું, મોબાઈલ નંબર, વતનનું સરનામું, આધાર કાર્ડ / ચુંટણી કાર્ડ, પાનકાર્ડ, પાસપોર્ટ સાઈઝના ફોટો, જન્મ તારીખના આધારો, શૈક્ષણિક લાયકાય અને દરેકનું પોલીસ વેરીફીકેશન ફરજીયાત કરાવવાનું રહેશે. આ તમામ રેકોર્ડની સંપૂર્ણ વિગત તમારે રાખવાની રહેશે અને ૦૧ સોફટકોપી ટ્રસ્ટમાં જમા કરાવવાની રહેશે. જેનું દરેક એજન્સીએ ચુસ્ત પાલન કરવાનું રહેશે.

સદર રજૂ કરવામાં આવેલ મેનપાવરના બીલ પૈકી પી.એફ.ની રકમ બાદ ચુકવવામાં આવશે અને આ રકમ તમારા દ્વારા જે તે બીલ મુજબની પી.એફ.ની રકમ અગાઉથી ભરપાઈ કરી તે અંગેના પેમેન્ટ સ્લીપ પી.એફ.નું પેઈડ કરેલ ચલણ તેમજ દરેક કર્મચારીઓના નામ સાથે ઈ.સી.આર. ટ્રસ્ટના એકાઉન્ટ શાખામાં રજૂ કર્યે તમને પી.એફ.ની રકમનું ચુકવણું કરવામાં આવશે.

અમારી એજન્સી હેઠળ કામ કરતા દરેક કર્મચારીઓને ૦૧ લાખ રૂપિયાનો મેડીકલેમ વિમો ઉતારવાનો રહેશે. જે અંગે તમારી કંપની હેઠળ કામ કરતા માણસો સાથે પરામર્શ કરી વિમા કંપનીનો તમારા દ્વારા સંપર્ક કરી અને વિમો ઉતારવાનો રહેશે. જેનું વાર્ષિક પ્રિમીયમ સંબંધિત એજન્સીએ ભરવાનું રહેશે. આ પ્રિમીયમની રકમ કર્મચારીઓના પગારમાંથી તેમની સાથે પરામર્શ કરી હપ્તેથી અથવા એકી સાથે વસુલ કરવાની રહેશે. આ વધારાના બોજ અંગે ટ્રસ્ટને લાગુ રહેશે નહીં. આ અંગેની સંપૂર્ણ કાર્યવાહી એજન્સી દ્વારા કરવાની રહેશે.

તમારે તમારુ માસિક બીલ દર માસની ૦૨ તારીખે સંપૂર્ણ ક્ષતિ રહિત રજૂ કરવાનું રહેશે અને દર માસની ૦૫ તારીખ પહેલા દરેકના પગારનું ચુકવણું ફરજીયાત કરવાનું રહેશે. આ તમામ કામગીરી માટે તમારે એજન્સીમાંથી ૦૧ કલાર્ક કક્ષાનો અલગથી માણસની વ્યવસ્થા કરવાની રહેશે.

અમારા પક્ષે તમામ કર્મચારીઓ માટે અકસ્માત, ઈજા કે મૃત્યુંના પ્રસંગ તેમજ વળતર મળી રહે તેવા શુભ આશયથી તે રીતે કર્મચારી દીઠ રૂા.૫૦,૦૦૦/- (પચાસ હજાર) રકમનો જુથ વીમો

લેવાનો રહેશે અને તે લીધા બદલ સબંધિત કર્મચારીઓના નામ સાથેની પોલીસી કરાર શરૂ કરવાના દિન-૧૦માં રજુ કરવાની રહેશે અને તે રજુ કર્યે શ્રી સોમનાથ ટ્રસ્ટ તે પરત ચુકવી આપશે.

સદર બાબતે અમારી દરખાસ્ત મંજુર થશે તો જે બાબતે કામગીરી શરૂ કરતા પહેલા અમે ટ્રસ્ટ દ્વારા પુરૂ પાડવામાં આવનાર સોગંદનામું કમ અન્ડરટેકીંગ દ્વારા દરેક બાબતોની અમલવારી કરવા અંગે અમારી ઓથોરીટી સમજી યોગ્ય રીતે કરાવી અને રજૂ કરીશું આ ઉપરાંત કામગીરીની સમયમર્યાદા કોઈપણ સ્વરૂપે પુરી થશે ત્યારે પણ સદર તમામ બાબતોની અમલવારી અમારા પક્ષે કરવામાં આવેલ છે. જે બાબતોનું પણ અમો સોગંદનામું કમ અન્ડરટેકીંગ અચુક પણે રજૂ કરવાની જવાબદારી ખાતરી તેમજ ભરોસા સાથે સ્વીકારીએ છીએ.

ટ્રસ્ટ દ્વારા તેની પોલીસી નિર્ણય અંગે સદર લાયસન્સની કોઈપણ શરતમાં ગમે ત્યારે કોઈપણ સ્વરૂપના ફેરફાર કરી શકાશે જેનું પણ અમારા પક્ષે ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે. તો તે બાબત અમોને સંપૂર્ણ પણે બંધનકર્તા છે તેમજ રહેશે.

ઉપરોકત તમામ વિગતો અમે વાંચી, સમજી છે અને તે મુજબ અમારો ચાર્જ ભરીને રજુ કરેલ છે.

આ ટેન્ડરમાં દર્શાવેલ તમામ શરતો કાયદાકીય જે લાગુ પડે તે દરેક નિયમોને અનુસરવા માટે અમો બંધનકર્તા છે જેનું અમે ચુસ્ત પણે પાલન કરવાની અમો બાહેંધરી આપીએ છીએ. વિશેષમાં અમોએ બાબતની પણ આથી અમો ખાતરી આપીએ છીએ કે જો અમારી સદર દરખાસ્ત-ટેન્ડર સમગ્ર પ્રક્રિયા બાદ ટ્રસ્ટ તરફથી મંજુર થશે અને વર્કઓર્ડર આપવામાં આવશે તો સુચના અનુસારના લાયસન્સના કરાર કરવા માટે અમો બંધાયેલા છીએ તેમજ જે માટે પ્રથમ પાલન કરવા તેમજ કરારનો સમય પુર્ણ થયા બાદ તમામ શરતોનું પાલન કરેલ છે તે બાબતનું અમે અન્ડર ટેકિંગ પણ સોગંદનામા સાથે રજુ કરીશું.

તા.....................                                                  માલિક / ભાગીદારની સહી

સાક્ષીની સહી ::- (૧)..............................